જાન્યુઆરી ૨૦૨૬

# અક્રમ એક્સપ્રેસ



# સંપાદકીય

બાળમિત્રો,

શું તમારા મિત્રએ ક્યારેય તમારી સાથે એનું ફેવરિટ રમકડું કે પછી ચોકલેટ શેર કર્યા છે ? જ્યારે કોઈ એમની મનપસંદ વસ્તુ આપણી સાથે શેર કરે છે, ત્યારે આપણને બહુ જ ખુશી મળે છે. પણ જે શેર કરે છે એમને તો આપણા કરતાંય વધારે ખુશી મળે છે.

ફક્ત વસ્તુઓ જ શેર કરાય, એવું નથી. કોઈ એકલું હોય, તો આપણે આપણો ટાઈમ શેર કરી શકીએ અને કોઈને કંઈ ના આવડતું હોય, તો આવડત શેર કરી શકાય. ચાલો, આ અંકમાં જોઈએ, કે જ્ઞાનીઓ 'શેરીંગ' માટે શું કહે છે ? ટીટુએ શું શેર કર્યું અને અનુજાને શેરીંગથી શું મળ્યું ? થીઓ એન્ડ ફ્રેન્ડ્સ ઈડલી અમ્માને મળ્યા, પછી શું થયું ? અને ચીલી આખરે મળ્યો કે નહીં ?

- ડિમ્પલ મહેતા

# Sharing IS Caring


અક્રમ એક્સપ્રેસ

January, 2026
Year 18, Issue : 05
Conti. Issue No.: 209
Published Monthly



સંપર્ક સૂત્ર:
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ. પો. - અડાલજ,
જી. ગાંધીનગર - ૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : 9328661166/77
Email: akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor: Dimple Mehta
Published by Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421.
Taluka & Dist.- Gandhinagar.



© 2026, Dada Bhagwan Foundation
All Rights Reserved



Price Per Copy: NIL




થીઓ એન્ડ ફ્રેન્ડ્સ કોઈમ્બતૂર ફરવા ગયા હતા. સવારનો સમય હતો. ધોધ જોઈને તેઓ પાછા ફરી રહ્યા હતા. રીઝોને સખત ભૂખ લાગી. એણે પોતાની બૅગમાં રાખેલી ફાઈવ સ્ટાર ચોકલેટ કાઢી અને એક જ બાઈટમાં આખી ચોકલેટ ખાઈ ગયો. થીઓ, ઝોઈ અને જીફ્ફી તો એને જોતા જ રહી ગયા. ભૂખ તો બધાને લાગી હતી. પણ રીઝોએ કોઈને ચોકલેટ ખાવા માટે પૂછ્યું પણ નહીં. ઝોઈને ખબર હતી, કે રીઝોની બૅગમાં બીજી ચોકલેટ્સ છે. એ રાહ જોતી હતી, કે રીઝો કાઢશે. પણ એ તો બોલ્યો, 'ફ્રેન્ડ્સ, થોડી ચોકલેટ્સ હું બૅગમાં બચાવીને રાખું છું. જેથી ભૂખ લાગે ત્યારે ખવાય.' એમ કરીને એણે બૅગ બંધ કરી દીધી અને બધા એને જોતા જ રહી ગયા.

ઝોઈએ કહ્યું, 'બધાને ભૂખ લાગી છે એટલે આપણે 'ઈડલી અમ્મા'ના જાદુઈ કિચનમાં નાસ્તો કરવા જઈ રહ્યા છીએ !' કોઈ કૅફે



હશે, એમ વિચારીને બધા નીકળ્યા. પણ એ કોઈ કૅફે નહીં, એક નેવું વર્ષના બાનું રસોડું હતું. રસ્તામાં ઝોઈએ બધાને ઈડલી અમ્મા વિશે જણાવ્યું, ''એમનું સાચું નામ કમલાથલ છે. એમના ગામના લોકો એમને પ્રેમથી 'ઈડલી અમ્મા' કહીને બોલાવે છે. તેઓ સ્વાદિષ્ટ ઈડલી, સંભાર અને ચટણી ફક્ત એક રૂપિયામાં ખવડાવે છે. અને એટલે જ એમનું નામ 'ઈડલી અમ્મા' પડી ગયું.''

રીઝોના કાન ઊંચા થઈ ગયા, 'એક જ રૂપિયામાં ?! આ તો ફાઈવ સ્ટાર ચોકલેટ કરતાં પણ ઓછો ભાવ કહેવાય.'

ઝોઈએ આગળ કહ્યું, ''આટલી ઓછી કિંમતમાં ખાવાનું આપવાનો એમનો હેતુ એ જ છે, કે ગરીબ મજૂરોને પૂરતું ખાવાનું મળી રહે અને કોઈ ભૂખ્યું ના રહે. આ કામ તેઓ લગભગ પાછલા ત્રીસ વર્ષથી રોજ કરે છે. ઈડલી અમ્મા પોતે બહુ જ સામાન્ય સ્થિતિમાં રહે છે. છતાંય પણ કોઈ બીજી મદદ વગર રોજ સવારે વહેલા ઊઠીને તેઓ લગભગ દિવસની છસ્સો ઈડલી બનાવે છે. અને બધાને પ્રેમથી જમાડે છે. ઈડલી અમ્માને ઘણી વાર ઈડલીનો ભાવ વધારવા માટે કહેવામાં આવ્યું. પણ અમ્માએ 'ના' કહી દીધી. એમને



ખબર છે, કે એક રૂપિયાની ઈડલી હશે, તો મજૂરો પેટ ભરીને નિરાંતે જમશે.''

વાતો વાતોમાં બધા ઈડલી અમ્માના ઘર સુધી પહોંચી ગયા. હવામાં સંભાર અને ચટણીની મજેદાર સુગંધ ફેલાયેલી હતી.

સુગંધથી થીઓના પેટમાં એટલું જોરથી ગુડગુડ ગુડગુડ થયું, કે પક્ષીઓનો કલરવ પણ થોડી વાર માટે થંભી ગયો.

ઘરની બહાર મોટી લાઈન હતી. નેવું વર્ષના અમ્મા આંખોમાં ચમક અને હાથોમાં જોશ સાથે બધાને ઈડલી આપી રહ્યા હતા.

થીઓ એન્ડ ફ્રેન્ડ્સને જોઈને અમ્માએ બધાને આવકાર આપ્યો અને જમવા બેસાડ્યા. રીઝોએ ઈડલી અમ્માને પૂછ્યું, 'અમ્મા, તમને આટલું બધું કામ કરવાથી થાક નથી લાગતો ?'

તો અમ્માએ પ્રેમથી કહ્યું, 'ના, ના... ક્યારેય નહીં. બીજાને સુખ આપવામાં મને સુખ મળે છે અને કામ કરવાની શક્તિ પણ !'

પોતાનું પેટ ભરવાનો વિચાર કર્યા વગર બીજાનું પેટ ભરીને ઈડલી અમ્માનું દિલ ભરાય છે.

એમની સ્ટોરી સાંભળીને થીઓ એન્ડ ફ્રેન્ડ્સનું પણ દિલ ભરાઈ ગયું. ઈડલી અમ્માને થેન્ક યૂ કહીને બધા પાછા જવા નીકળ્યા.

રસ્તામાં રીઝોએ કહ્યું, 'ઈડલી ખાધા પછી ડીઝર્ટ તો જોઈએ ને ?' એમ કહી એણે બૅગમાંથી ફાઈવ સ્ટાર ચોકલેટ્સ કાઢી અને બધાને એક-એક આપી દીધી.


# ચાલો રમીએ...

**નીચે આપેલી વસ્તુઓ શોધો અને સંખ્યા લખો.**





# આ તો નવી જ વાત !



નાનપણમાં દાદાશ્રીના ભાદરણના મકાનની સામે એક ખાલી કમ્પાઉન્ડ હતું.



કમ્પાઉન્ડ વપરાતું નહોતું એટલે દાદાશ્રીને થયું, 'ચાલો, હું અહીં શાકભાજી વાવું.' દાદાશ્રીની ઉંમર તો નાની હતી પણ એમને શાકભાજીના બી વાવીને, કેવી રીતે ખાતર-પાણી કરીને ઉગાડવું, એ આવડતું હતું.



દાદાશ્રીએ દૂધી અને મકાઈ વાવ્યા. થોડા વખતમાં તો મોટી મોટી દૂધી અને મકાઈ ઊગી નીકળ્યા.



આ શાક દાદાશ્રીએ પોતાના પરિવાર માટે ના રાખ્યું. પણ આડોશી-પાડોશીમાં વહેંચી દીધું.


આમ, નાનપણથી જ દાદાશ્રીને બીજાને સુખ આપીને સુખ મળતું હતું.


# ફોટો-ડે



કાવ્યાને બહુ બધા ફ્રેન્ડ્સ અને મારે કોઈ નહીં. મારું નામ અનુજા અને કાવ્યા મારી મોટી બહેન છે અને બેસ્ટ ફ્રેન્ડ પણ. કાવ્યા મને એની બધી જ વસ્તુઓ વાપરવા આપે. મને જ નહીં, એની ફ્રેન્ડ્સને પણ.








હું જ્યારે ચોથા ધોરણમાં હતી અને કાવ્યા પાંચમામાં, ત્યારે માસી અમારા બંને માટે બ્રેસલેટ કિટ લાવ્યા હતા. એમાં બ્રેસલેટ બનાવવાની વસ્તુઓ હતી. એટલી મસ્ત હતી, કે મેં તો વિચારી લીધું, કે રોજ એક નવું બ્રેસલેટ બનાવીને પહેરીશ.



અને કાવ્યાએ શું કર્યું ખબર છે ? એની બધી ફ્રેન્ડ્સને ઘરે બોલાવી. બધાએ સાથે મળીને બ્રેસલેટ્સ બનાવ્યા. કાવ્યાએ બધાને એક-એક બ્રેસલેટ આપ્યું અને પોતે એક રાખ્યું. આવું કોણ કરે ?




મને એવું લાગે, કે મારી વસ્તુઓ બીજા સાથે શેર કરું, તો એ ઓછી થઈ જાય અને કાવ્યા તો એવું કહે, કે એ એની વસ્તુઓ બીજા સાથે શેર કરે તો જ એને મજા આવે. એકલા એકલા એને કંઈ જ કરવાની મજા ના આવે.




એ મને કહે, કે 'બીજા સાથે મજા શેર કરીએ તો વધારે મજા આવે અને વધારે ફ્રેન્ડ્સ પણ બને.' એવું કેવી રીતે થાય, એ મને નથી ખબર.





પણ, મને એ ખબર છે, કે સ્પેશિઅલ કેવી રીતે બનાય. ફોટો-ડેમાં સહુથી સ્પેશિઅલ લાગવા માટે મેં અને કાવ્યાએ સરસ ટી-શર્ટ ખરીદ્યા. મને ખબર હતી, કે પાંચમા ધોરણમાં કોઈની પાસે મારા જેવી મસ્ત ટી-શર્ટ નહીં હોય.




ફોટો સેશન રિસેસ પછી હતું. મારાથી તો રિસેસ પૂરી થવાની રાહ જ નહોતી જોવાતી. પણ, ફોટો સેશન વખતે મારો બધો જ ઉત્સાહ ગાયબ થઈ ગયો. આવું કેવી રીતે બને ?





રિસેસ પહેલા મેં અદિતીને ક્લાસમાં જોઈ જ નહોતી. ફોટો સેશનમાં જોયું તો અદિતીએ સેમ કાવ્યા જેવું જ ટી-શર્ટ પહેર્યું હતું. ફોટો ક્લિક થયો ત્યારે મેં પરાણે સ્માઈલ આપી. સ્કૂલ પછી મેં દૂરથી કાવ્યાને સ્કૂલના ગેટ પાસે જોઈ. આ એણે શું પહેર્યું હતું ?




એનું ટી-શર્ટ ક્યાં ગયું ? હું એની પાસે જઉં, એ પહેલા તો અદિતી એની પાસે પહોંચી ગઈ. બેઉ કંઈક વાતો કરી રહ્યા હતા. અદિતી કાવ્યાને 'થેન્ક યૂ' કહી રહી હતી.




હું ફટાફટ ત્યાં પહોંચી. મેં ગુસ્સામાં કાવ્યાને પૂછ્યું, 'તારું ટી-શર્ટ ક્યાં છે ?' અદિતી બોલી ઊઠી, 'એમણે મને આપ્યું છે. તમે બેઉ એકબીજાને...', 'કાવ્યા મારી બહેન છે', મેં અદિતીની સામે જોયા વગર જ ગુસ્સામાં જવાબ આપ્યો.




કાવ્યાએ કહ્યું, 'અનુજા, મને થોડું મોડું થાય છે. હું તને ઘરે પહોંચીને બધી વાત કહું. બાય અદિતી !' એમ કહી કાવ્યા નીકળી ગઈ.




અદિતીએ મને આખી વાત કહી. 'હું આજે સરસ શર્ટ પહેરીને આવી હતી. પણ રિસેસમાં નાસ્તો કરતા કરતા ભૂલથી શર્ટ પર થોડું ખાવાનું ઢોળાઈ ગયું. હું તરત બાથરૂમમાં સાફ કરવા ગઈ. પણ ડાઘ નીકળ્યો જ નહીં. ફોટો-ડેમાં આવું ડાઘાવાળું શર્ટ ! મારી આંખોમાં આંસુ આવી ગયા. એ જ વખતે કાવ્યા બાથરૂમમાં આવી.'



અદિતીએ વાત આગળ વધારતા કહ્યું, 'એણે મને રડવાનું કારણ પૂછ્યું અને પછી તરત જ પોતાનું ટી-શર્ટ મને આપી દીધું અને મારું ડાઘાવાળું શર્ટ પોતે પહેરી લીધું. એણે કહ્યું, કે એનું ફોટો સેશન રિસેસ પહેલા જ પૂરું થઈ ગયું છે.'




અદિતી કાવ્યાના બહુ જ વખાણ કરી રહી હતી. અદિતીની ખુશી જોઈને મને બહુ જ ખુશી થઈ. અદિતીએ મારી સાથે બીજી પણ બહુ બધી વાતો કરી અને પોતાના ઘરે આવવાનું આમંત્રણ પણ આપ્યું. ખબર નહીં શું, પણ મને અંદર કંઈક બહુ જ સારું લાગી રહ્યું હતું !



હું મારી વસ્તુઓ બીજા સાથે શેર નહોતી કરતી. કારણ કે મારે સ્પેશિઅલ રહેવું હતું. પણ આજે કાવ્યાએ એની વસ્તુ શેર કરી, તો મને એક નવી ફ્રેન્ડ મળી. આજે મને ખબર પડી, કે બીજા સાથે કંઈ પણ શેર કરીએ તો વધારે મજા કેવી રીતે આવે.

# જ્ઞાનીઓ કહે છે...

લોકો તો પોતાના જ સુખમાં રહ્યા છે. બીજાને સુખ થાય તો મને સુખ થાય એવી બધી વાત જ છૂટી જવા માંડી છે. બીજાને કંઈ પણ આપો ત્યારથી જ પોતાનો આનંદ શરૂ થાય છે. ત્યારે લોકો લઈ લેવાનું શીખે છે! લોકો તો એમ જ જાણે ને, કે હું આપું તો જતું રહે મારું.

પ્રશ્નકર્તા : મારી ફ્રેન્ડને વસ્તુઓ જોઈએ ત્યારે હું એને આપી દઉં, પણ એ મને ક્યારેય એની વસ્તુ ના આપે. મારી બીજી ફ્રેન્ડ મને કહે, કે મારે એને વસ્તુઓ નહીં આપવાની. તો મારે શું કરવાનું?

નીરુમા : તને આપવાનું મન થઈ જાય, તો આપવાનું. આપણું મન મોટું છે, તો મોટું જ રાખ ને. નાનું મન કરવાની શી જરૂર ? આ મોટું, નોબલ મન કરવા માટે તો કેટલાંય અવતારો જાય ત્યારે મન મોટું થાય. આ સંકુચિત મન થતાં તો વાર ના લાગે, પણ મોટું મન થતાં બહુ વાર લાગે. (સંકુચિત મન એટલે જે પોતાનું જ વિચારે, બીજાનું નહીં)

તને મોટું મન કુદરતી મળ્યું છે તો એને બગાડીશ નહીં. કોઈ કહે તો સાંભળીશ નહીં. આપણે લૂંટાઈને હીરા-મોતીના દાગીના આપી દઈએ છીએ ? પૅન્સિલ હોય કે રબર હોય કે બક્કલ હોય, આપજે.






દૂર જંગલમાં એક લીલાછમ ઝાડ નીચે નાનો લીલો ભમરો, મશરુમ આકારના ઘરમાં રહેતો હતો. નામ એનું જુગુ. જુગુનું ઘર એકદમ સાફ સુથરું હતું. એણે રંગબેરંગી માટીથી જાતજાતની વસ્તુઓ બનાવીને પોતાના ઘરને શણગાર્યું હતું. એક ખૂણામાં માટીની ટ્રેન હતી, તો બીજા ખૂણામાં માટીના ચોકલેટ, આઈસક્રીમ કૉન અને નાનકડા તબલા પડ્યા હતા. દિવાલ પર જુગુનો મોટો ફોટો હતો. જેમાં એના હાથમાં એક ટ્રોફી હતી. ટ્રોફી પર નાના અક્ષરોમાં લખ્યું હતું, બેસ્ટ કલાકાર. આવતા-જતા જ્યારે જ્યારે જુગુની નજર એ ફોટા પર પડે, ત્યારે એ મનોમન મલકાતો. સહુથી વધારે જુગુને પોતાની જ કંપની ગમતી. પોતાના રોજના ક્રમથી એ ખુશ રહેતો.





રોજની જેમ તે સાંજે પણ જુગુ પોતાની લાલ રંગની ચા અને બૅરી  કેક લઈને ઘરની બહાર એની મનગમતી ખુરશી પર જઈને બેઠો. અચાનક જોરથી પવન ફૂંકાયો. આકાશ કાળું કાળું થઈ ગયું. વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ પડવા લાગ્યો અને જુગુને ઘરની અંદર જવું પડ્યું.

તે જ વખતે જંગલના બીજા ખૂણે, ટીટુ નામનો એક મંકોડો પોતાના મિત્રો સાથે ફરવા નીકળ્યો હતો. વરસાદના વહેણમાં ટીટુ પોતાના મિત્રોથી છૂટો પડી ગયો અને તરતા તરતા એ જંગલના એવા ભાગમાં આવી પહોંચ્યો, જે એના માટે સાવ અજાણ હતો. ટીટુ થોડો ગભરાઈ ગયો. ક્યાં જવું ? શું કરવું ? કંઈ જ ખબર નહોતી પડતી. ત્યાં તો એને દૂર એક મશરુમ આકારના ઘરમાં થોડી રોશની દેખાઈ. કંઈક હેલ્પ મળશે એમ વિચારીને ટીટુ ત્યાં ગયો. એણે બારણું ખખડાવ્યું.



જુગુ ચોંકી ગયો. એના ઘરે તો ક્યારેય કોઈ આવતું નહોતું. તો આવા વાવાઝોડામાં કોણ આવ્યું ? બારણું ખોલીને જોયું તો પાંદડું ઓઢીને ટીટુ ઊભો હતો.

'હાય, હું ટીટુ છું, વરસાદમાં મારા પરિવારથી છૂટો પડી ગયો છું. થોડા સમય માટે અહીં રહી શકું ?'

ટીટુની હાલત જોઈને જુગુને 'ના' પાડવાની હિંમત ના થઈ. 'સારું, પણ એક જ રાત.' જુગુએ કહ્યું અને ટીટુને અંદર બોલાવ્યો.

ટેબલ પર બૅરી કેક પડી હતી. જુગુને ટીટુ સાથે કેક શેર નહોતી કરવી. એટલે એણે તરત જ કેકને ફ્રિજમાં મૂકી દીધી. બીજા દિવસે સવારે જુગુને થેન્ક યૂ કહીને ટીટુ નીકળી ગયો. એને સખત ભૂખ લાગી હતી.

એણે આસપાસ ખાવાનું શોધ્યું અને થોડું ખાવાનું ભેગું કરીને એક પથ્થર પર જઈને બેઠો. બસ, કોળિયો મોઢામાં મૂકવા જતો જ હતો, ત્યાં તો એ અટકી ગયો. આજથી પહેલા એણે ક્યારેય એકલા ખાધું નહોતું. હંમેશાં એના પરિવાર સાથે બેસીને જ ખાધું હતું.

સ્કૂલમાં પણ ફ્રેન્ડ્સ સાથે લંચ બૉક્સ શેર કરીને જ ખાતો. એટલે આજે એકલા ખાવું એને ગમતું નહોતું.


મોઢામાં એક કોળિયો મૂક્યો, ત્યાં તો ત્યાં મોનુ આવી ચડ્યો. સરસ મજાનું ખાવાનું જોઈને મોનુના મોઢામાંથી ટપટપ પાણી પડવા લાગ્યું.

'હાય, મને કંપની આપીશ ? મારી પાસે બહુ બધું ખાવાનું છે.' ટીટુએ કહ્યું.

મોનુ તો ભૂખ્યો જ હતો. એ તો તરત ટીટુ સાથે ખાવા બેસી ગયો. બંનેએ મસ્ત મજાની વાતો કરતા કરતા ખાધું. બંને પહેલી વાર મળ્યા. પણ જાણે પહેલેથી જ એકબીજાને ઓળખતા હોય એવા મિત્ર બની ગયા.

જુગુએ બારીમાંથી આ દૃશ્ય જોયું. વર્ષો પહેલાની વાત એને યાદ આવી ગઈ. તે દિવસે જુગુ પણ આ જ રીતે પથ્થર પર હની કેક ખાવા બેઠો હતો. ત્યારે સોનુ મધમાખીએ કેકનો ટુકડો માંગ્યો હતો અને જુગુએ એને ભગાવી દીધી હતી. ટીટુ અને મોનુને આમ હસતાં હસતાં ખાતા





જોઈને જુગુને મનમાં થયું, 'કેવો મૂર્ખ છે આ ટીટુ ! રાતથી ભૂખ્યો હતો. તો પણ ખાવાનું વહેંચી દીધું !'

સાંજે ચા પીવા માટે જુગુ પોતાની મનગમતી ખુરશી પર જઈને બેઠો. ત્યાં તો એની નજર પાંદડાઓથી બનાવેલી એક નાનકડી બાસ્કેટ પર ગઈ. એમાં થોડી દ્રાક્ષ હતી અને એક પાંદડા પર લખ્યું હતું,

'આ તારા માટે છે, જુગુ. ગઈકાલે મને તારા ઘરે રાખવા માટે થેન્ક યૂ.'

જુગુને બહુ જ નવાઈ લાગી. એને યાદ નહોતું આવતું, કે આ પહેલા કોઈએ એને ક્યારેય કંઈ પણ ગિફ્ટ આપી હોય અને એણે પણ ક્યારેય કોઈને કશું આપ્યું નહોતું. પણ તે દિવસ પછી રોજ ટીટુ કંઈકને કંઈક જુગુ માટે લઈ આવતો અને એના ઘરના દરવાજા પાસે મૂકી દેતો. જુગુ હવે રોજ ગિફ્ટની રાહ જોવા લાગ્યો. ફક્ત ગિફ્ટની જ નહીં, પણ જુગુને તો હવે ટીટુના ઘરે થતી મસ્તી જોવાની પણ મજા પડતી. આસપાસના મિત્રોની મદદથી ટીટુએ પથ્થર પર એક નાનકડું ઘર બનાવી દીધું હતું. જ્યાં રોજ સાંજે મિત્રો ભેગા થઈને હસી-મજાક કરતા. એક સાંજે ટીટુ મિત્રોને ગણિત શિખવાડી રહ્યો હતો.



આ જોઈને જુગુને પેલો દિવસ યાદ આવ્યો, જ્યારે મોનુએ જુગુને એકદમ ઉત્સાહપૂર્વક પૂછ્યું હતું, કે 'જુગુ, તું કેટલી સરસ માટીની વસ્તુઓ બનાવે છે. મને પણ શિખવાડીશ ?' જુગુએ બહાનું કાઢીને 'ના' પાડી દીધી હતી. જુગુને એવું હતું, કે જો એ પોતાની કળા બીજાને શિખવાડશે, તો પછી એને ફરી પ્રાઈઝ નહીં મળે. એટલે વસ્તુઓની સાથે સાથે પોતાની આવડત પણ એ કોઈ સાથે શેર નહોતો કરતો.

પણ ટીટુને તો પોતાની આવડત શેર કરવામાં કોઈ વાંધો જ નહતો. અરે, એણે તો બધા મિત્રોને કહ્યું, 'આજે હું ગણિત શિખવાડીશ. કાલે સની આપણને તારાઓ વિશે સમજાવશે અને પછી મોનુ બધાને શંખ વગાડતા શિખવાડશે.' ત્યાં તો ટીટુની નજર જુગુ પર પડી, જે એમની તરફ જ જોઈ રહ્યો હતો. ટીટુએ જોરથી પૂછ્યું, 'જુગુ, તારે અમારી સાથે જોડાવું છે ?' જુગુએ તરત જ મોઢું ફેરવી દીધું. પણ એને મોનુનો ધીમો અવાજ કાને પડ્યો, 'ટીટુ, એને ના બોલાવીશ. એ કંઈ નહીં શિખવાડે. એને તો એવું છે, કે જો એ શિખવાડશે તો એને જે આવડે છે, એ ઓછું

થઈ જશે. એને તો ખબર જ નથી, કે આપણે આપણી સમજણ બીજા સાથે શેર કરીએ, તો એ ક્યારેય ઘટે નહીં પણ વધે ! અને ઉપરથી શેર કરવાની કેટલી મજા આવે. એને તો આવી મજા ક્યારેય આવી જ નહીં હોય !'

જુગુને મોનુની વાત ખૂંચી. કંઈ બોલ્યા વગર એ ઘરની અંદર જતો રહ્યો. પહેલી વાર એને એવું થયું, જાણે મિત્રો સાથે શેર ના કરીને એ કંઈક ગુમાવી રહ્યો છે. ઉદાસ થઈને એ સૂઈ ગયો. સવારે મોટા મોટા અવાજથી એની ઊંઘ ઊડી ગઈ. બારીમાંથી બહાર ડોકિયું કરીને જોયું, તો ટીટુનો પરિવાર એને લેવા આવ્યો હતો.

'અમે તને કેટલો શોધ્યો ટીટુ ! અને તું તો અહીં મસ્તી કરે છે ! તેં તો કેટલા બધા ફ્રેન્ડ્સ બનાવી દીધા છે.' ટીટુની બહેન ટીનાએ કહ્યું.

ટીટુના નવા ફ્રેન્ડ્સ સોનુ, મોનુ અને સની ખુશ હતા, કે ટીટુને એનો પરિવાર મળી ગયો. પણ સાથે સાથે થોડા દુઃખી પણ હતા, કે ટીટુ હવે જતો રહેશે. પણ દુઃખી થઈને ફ્રેન્ડ્ને 'બાય બાય' થોડું કહેવાય ? એટલે સોનુ, મોનુ અને સનીએ ટીટુ માટે એક 'ગુડબાય પાર્ટી' રાખી.

ટીટુના કહેવાથી એમણે જુગુને પણ પાર્ટીમાં બોલાવ્યો. પણ એમને ખબર હતી, કે જુગુ પાર્ટીમાં આવશે જ નહીં !


એટલે જ્યારે જુગુને પાર્ટીમાં જોયો, ત્યારે બધાને બહુ નવાઈ લાગી. જુગુ બધા માટે કેક લાવ્યો હતો. પણ એના આવવાથી બધા શાંત થઈ ગયા. બધાને એકદમ શાંત જોઈને જુગુ થોડી વાર માટે ગંભીર બની ગયો. 'આવીને ભૂલ તો નથી કરી ને.' એ વિચાર એના મનમાં આવ્યો જ હતો, ત્યાં તો ટીટુ

એકદમ બોલી ઊઠ્યો, ‘‘જુગુ, હું બહુ જ ખુશ છું, કે તું મને ‘બાય’ કહેવા આવ્યો.’’ આ સાંભળીને જુગુને સારું લાગ્યું.

‘હું તમારા બધા માટે કેક લાવ્યો છું.’ જુગુએ ધીમા અવાજે કહ્યું. આ સાંભળી સોનુના મોઢામાંથી પાણીનું ટીપું ટપક્યું અને બધા હસી પડ્યા.


તે સાંજે જુગુને પાર્ટીમાં બહુ જ મજા આવી. એને થયું, કે એકલા એકલા કેક ખાવા કરતાં બધા સાથે શેર કરીને ખાવામાં કંઈક ઓર જ મજા છે. પાર્ટી પૂરી થઈ એટલે જુગુએ બધાને કહ્યું, ‘ટીટુ તો કાલે જતો રહેશે. પણ તમે બધા મારા ઘરે આવશો ? હું તમને માટીમાંથી વસ્તુઓ બનાવતા શિખવાડીશ.’

અને બસ, તે દિવસથી જુગુનું ઘર ક્યારેય ખાલી ના રહ્યું. જુગુને સમજાઈ ગયું હતું, કે શેર કરવાથી આપણે ક્યારેય કંઈ ગુમાવતા નથી, પણ મેળવીએ છીએ.



# ચાલો રમીએ...

ક્રિષા એ તૃષા ને ગીફ્ટ આપવા શું ખરીદ્યું એ શોધો.






આલુ-ચીલીની અત્યાર સુધીની વાર્તા એક સાથે વાંચવા...
**Click Here :** https://dbf.adalaj.org/R32d924x

**ચીલી અને આલુના ઝઘડા પછી ચીલી ક્યાંય મળતો નથી. એને શોધતા શોધતા આલુ નદી કિનારે જાય છે. ત્યાં પાર્સલીને પાણીમાં તરતો જોઈને આલુ અકળાઈ જાય છે. હવે આગળ...**

પાર્સલીને પાણીમાં તરતો જોઈને મેં અકળાઈને પૂછ્યું, 'પાર્સલી, તું ચીલીને શોધવાને બદલે આ શું કરે છે ?'

પાર્સલીએ કહ્યું, 'આલુભાઈ, આટલી નથી ખબર ? હું અહીંયા મારા ફ્યૂચર બેસ્ટ ફ્રેન્ડની રાહ જોઉં છું. જે રીતે ચીલીને તમે મળ્યા હતા, એ રીતે મને પણ અહીંયા મારો બેસ્ટ ફ્રેન્ડ મળશે !', કહીને એ હસ્યો. ખરેખર મને લાગે છે, કે પાર્સલીના મગજના તાર હલી ગયા છે. બધા હાંફળા-ફાંફળા થઈને ચીલીને શોધે છે અને આ પાર્સલી પોતાના બેસ્ટ ફ્રેન્ડની શોધમાં પડ્યો છે ! આવું કોણ કરે ?!

ચીલીના મમ્મીએ મને ઘરે જવા કહ્યું. એમને ખાતરી હતી, કે રાત પડશે એટલે ચીલી ઘરે આવી જ જશે. એમણે પાર્સલીને પણ 'ચીલીશેક'ની  લાલચ આપીને ઘરે મોકલ્યો.



પણ મારે ઘરે નહોતું જવું. મારો બેસ્ટ ફ્રેન્ડ મારાથી દુઃખી થઈને ક્યાંક જતો રહ્યો હતો. સાચું કહું તો હવે મને ખરેખર ચીલીની ચિંતા થતી હતી.

ઘરે માને જોતા જ હું દોડીને એમને ભેટી પડ્યો. મેં કહ્યું, ‘મા, ચીલી...’ તો માએ મને કહ્યું, ‘ચિંતા ના કર, હું તને નવા ફ્રેશ લાડુ બનાવી આપીશ.’ આજે બધાને થયું છે શું ? ચીલી મળતો નથી અને એક બાજુ પાર્સલી બેસ્ટ ફ્રેન્ડ શોધવા નીકળ્યો છે, તો બીજી બાજુ મા લાડુની વાતો કરે છે. મેં ગુસ્સામાં કહ્યું, ‘મા, એક તો ચીલી મળતો નથી અને તમે લાડુ લાડુ કરો છો ? મારી તો ભૂખ જ મરી ગઈ છે.’ તો મા મને કહે, ‘હેં ? ચીલી નથી મળતો ?’

‘હા મા, આખા જંગલમાં શોધી લીધો. પણ ક્યાંય ના મળ્યો.’



જાણે હું બીજી જ ભાષામાં બોલતો હાઉં એવી રીતે મા મારી સામે જોઈ રહ્યા અને પછી બોલ્યા, 'ચીલી ક્યાં ખોવાઈ ગયો છે !' હવે મારી અકળામણ વધી ગઈ. ''એ ક્યાં ખોવાઈ ગયો છે એ ખબર હોત તો 'એ ખોવાઈ ગયો છે', એવું હું કહેત જ નહીં ને !''

તો મા મને કહે, 'અરે, ચીલી તો એ સૂતો તારા પલંગ પર. તારા બધા લાડુ ખાઈ ગયો છે.' મેં એને કહ્યું, 'રહેવા દે, તારું પેટ ફાટી જશે.' પણ એ તો રોકાયો જ નહીં. કહેવા લાગ્યો, 'આલુને હું સજા આપીશ. એના બધા લાડુ ખાઈ જ જઈશ. પછી એને ખબર પડશે ! હું એનો બેસ્ટ ફ્રેન્ડ છું તો પણ એ કોકોની સાઈડ લે છે. આજે ભૂખ્યો રહેશે એટલે ખબર પડશે !' બોલતો ગયો અને ખાતો ગયો. મેં એને પૂછ્યું, 'શું તારો ને આલુનો ઝઘડો થયો છે ?'



તો કહે, 'આન્ટી, મેં આલુને કહ્યું, કે અમારી ફ્રેન્ડશિપ પૂરી. પણ એવું કીધું તો આલુ રડવા માંડ્યો ને તમને તો ખબર છે ને, કે એ રડે, તો મને દુઃખ થાય છે. એણે ગમે તેટલું ખરાબ કર્યું હોય, પણ મારા કારણે એ રડે, તો મને કેવી રીતે ગમે ? એટલે મેં ફ્રેન્ડશિપ તોડવાનું કૅન્સલ રાખ્યું. હું બધા લાડુ ખાઈ જઈશ અને એની સાથે ઝઘડો પણ કરીશ. તમે મને આજે રોકતા જ નહીં.'

એણે એટલા લાડુ ખાધા, કે અહીંયાથી ઊભો જ નહોતો થઈ શકતો. પછી મેં એને ઉપાડ્યો અને તારા પલંગ પર બેસાડ્યો. જેવો એને પલંગ પર બેસાડ્યો કે સૂઈ ગયો. કલાક થયો, એટલા જોરથી નસકોરા બોલાવે છે, કે તારા પપ્પા તો અવાજથી થાકીને બહાર જતા રહ્યા.

**ચીલીને બધે જ શોધી વળ્યા અને તે આખરે આલુના ઘરે મળ્યો ?! હવે શું થશે ? શું ચીલી આલુની વાત સાંભળશે ?**

# જ્ઞાન મંદિર(ગુરુકુળ) અડાલજમાં પ્રવેશ શરૂ




જ્ઞાનમંદિરમાં રહીને પરમ પૂજ્ય દાદા ભગવાનનું જ્ઞાન થકી પોતાના દીકરામાં સંસ્કાર સિંચન થાય તેવું ઈચ્છતા માતા - પિતાએ પોતાના દીકરાના ઈન્ટરવ્યુ માટે જ્ઞાનમંદિર, સીમંધર સિટી(અડાલજ) એડમિશન માટે ફોનથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

રજીસ્ટ્રેશન ફક્ત ધો. ૫ થી ૯ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ(છોકરાઓ) માટે જ છે.

**વધુ માહિતી માટે નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરવો.**

**સંપર્ક સમયઃ સવારે ૧૦ થી સાંજે ૭ વાગ્યા સુધી રેહશે.**

**મો. - ૯૯૨૪૩૪૪૪૮૧**

Click Here : https://linktr.ee/gnanmandirgurukul